©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 07th NOVEMBER, 2025/KARTIKA 16, 1947 [No. 7338

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ અને

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

નિયમ ૨૬ (૯)

નગર રચના યોજના નં.૧/ડી(હાંસલપુર)

પ્રારંભિક યોજના

નં. : ન.ર.યો./નં.૧/ડી/પ્રા.યો એવોર્ડ અધિસુચના/પ્રસિદ્ધી/૧૪૦.-ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ મુજબ, મેં આજરોજ તા. ૨૮-૧૦-૨૦૨૫ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના એપેક્ષ ઓથોરીટી, જી.આઈ.ડી.બી.માં મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ(૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-'ઠ' ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોકત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૮-૧૦-૨૦૨૫

સ્થળ : હાંસલપુર

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી,
નગર રચના યોજના એકમ-૧
એમ.બી.એસ.આઈ.આર

સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી,
એમ.બી.એસ.આઈ.આર.ડી.એ., એડમીનિસ્ટ્રેટીવ બિલ્ડીંગ,
બેચરાજી-વિઠ્ઠલાપુર હાઈવે, મોજે હાંસલપુર,
તા. માંડલ, જિ. અમદાવાદ૫-૩૮૨૧૫૦.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.08 15:07:48 IST